# હેપ્પી બર્થ ડે, ગાંધીનગર !

## શહેર માટે 'ગાંધીનગર' નામની ઘોષણા ૧૬ માર્ચ, ૧૯૬૦ના રોજ કરવામાં આવી હતી : રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા તારીખ ૨૩-૧૨-૧૯૬૯ના દિવસે ગાંધીનગરને રેવન્યૂ વિલેજ તરીકે પ્રસિદ્ધ કરીને 'ગાંધીનગર' નામને મંજૂરી અપાઈ હતી

ગાંધીનગરની પ્રથમ ઈંટ તા. ૨ ઑગષ્ટ, ૧૯૬૫ના રોજ જીઈબી કૉલોનીમાં સ્થિત થર્મલ પાવર





સ્ટેશનના સર્કીટ હાઉસના મકાનની જગ્યાએ મૂકવામાં આવી હતી. એ ઐતિહાસિક ઘટનાની સ્મૃતિરૂપ તકતી પણ ત્યાં મૂકવામાં આવી છે. અલબત્ત, સરકારના રેવન્યૂ રૅકર્ડ પર જ્યાં સુધી નામાભિધાનનો





સ્વીકાર કરવામાં ન આવે ત્યાં સુધી તેને સરકારી દરજ્જો પ્રાપ્ત થતો નથી. રાજ્યના મહેસૂલ વિભાગે તા. ૨૩-૧૨-૧૯૬૯ના દિવસે ગાંધીનગરને તેના રેવન્યૂ વિલેજ તરીકે પ્રસિદ્ધ કરીને 'ગાંધીનગર' નામને મંજૂરીની મહોર મારી હતી. સાબરમતી નદીના કિનારે વસેલું આ શહેર ૫૭ ચોરસ કિમી એટલે કે ૨૧ માઈલ જેટલા વિસ્તારમાં ફેલાયેલું છે.

શહેર માટે 'ગાંધીનગર' નામની ઘોષણા ૧૬ માર્ચ, ૧૯૬૦ના રોજ કરવામાં આવી હતી. ૧-૫-૧૯૭૦ના રોજ પાટનગર અમદાવાદથી ગાંધીનગરમાં સ્થળાંતરિત થયું અને હિતેન્દ્રભાઈ દેસાઈની આગેવાની હેઠળ મુખ્યમંત્રી સહિત ૯ મંત્રીઓ, ૭ નાયબ મંત્રીઓ અને એક સંસદીય સચિવ સહિત ૧૭ સભ્યોનું મંત્રીમંડળ ગાંધીનગર શિફ્ટ થયું. તારીખ ૩૦-૭-૧૯૭૦થી શહેર નોટિફાઈડ એરિયા જાહેર થયું. એ વખતની ગાંધીનગરની સ્થિતિ ગામડાને પણ શરમાવે તેવી હતી. બિહામણી શાંતિ આ નગરમાં વસતી હતી. રાત પડ્યે ઘરનાં બારી-બારણાં



બંધ કરી નગર જપી જતું હતું. માત્ર ૧૪૦૦ની વસતી હતી અને એ પણ સરકારી કર્મચારીઓની.

૧૧ જુલાઈ, ૧૯૮૫ના રોજ સચિવાલય ભવન રચાયું. ૧થી ૧૪ બ્લૉક્સ અને ૧થી ૯ માળમાં આ બિલ્ડીંગ વહેંચાયેલું હતું.

૧૧ ફેબ્રુઆરી, ૧૯૭૧થી વિધાનસભા ગાંધીનગર આવી. હાલ સૅક્ટર-૧૭માં જ્યાં લાઈબ્રેરી કાર્યરત છે એ મકાન વિધાનસભાનું હતું. ૨૧-૩-૧૯૭૮ના રોજ વિધાનસભાના કાયમી મકાનનો શિલાન્યાસ થયો અને ૮ જુલાઈ, ૧૯૮૨ના રોજ નવા મકાનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

શહેરની રચના માટે ઈન્દ્રોડા, પાલજ, બોરીજ, બાસણ, લેકાવાડા, ધોળાકુવા, સરગાસણ, વાવોલ, કોલવડા, હડમતિયા, ફતેપુરની જમીન સંપાદન કરવામાં આવી હતી. ખેડૂતોને એકરે ૭૦૦થી ૧૫૦૦ રૂપિયા ચૂકવાયા હતા, આજે રહેણાંક વિસ્તાર માટે પ્રતિ સ્કવેર ફૂટ ૪૫ હજાર અને કોમર્શિયલ વિસ્તારના દોઢ લાખ ભાવ તો સરકાર વસૂલે છે.

આજે ગાંધીનગર વિકાસનું પ્રતીક બન્યું છે. દેશ અને દુનિયામાં તેણે પોતાનું નામ પહોંચાડ્યું છે. શાળા, કૉલેજો, યુનિવર્સિટીઝથી એ વિદ્યાનું ધાન બન્યું છે તો મહાત્મા મંદિર, ગિફ્ટ સિટી, દાંડી કુટિર અને અક્ષરધામને કારણે પ્રવાસન ધામ પણ બન્યું છે. ઉપરાંત, તેની પ્રસિદ્ધિ માટે






અહીંની કલા, સાંસ્કૃતિક અને રાજકીય પ્રવૃત્તિઓ પણ જવાબદાર છે એ વાત સ્વીકારવી રહી.

રાષ્ટ્રપિતા ગાંધીજીના નામ પરથી રચાયેલું આ નગર આજે ગાંધીજીની માફક જ વિશ્વપ્રસિદ્ધ બન્યું છે.

**- વિનોદ રાઠોડ**

# રાજ્યનું પાટનગર હવે આંતરરાષ્ટ્રીય સ્તરનું નગર

૭૦ના દાયકામાં ગાંધીનગર શહેરમાં પ્રાથમિક સુવિધાઓનો વિકાસ થયો. આજની તોતીંગ સિવિલ હૉસ્પિટલ ત્યારે સૅક્ટર-૨૧માં લાયબ્રેરી સામે નાના સ્વરૂપમાં કાર્યરત હતી અને હાલની લાયબ્રેરી સૅક્ટર-૨૨માં એક સરકારી મકાનમાં ચાલતી હતી. ઍસટી ડૅપો સૅક્ટર-૨૯ની બહાર સરકારી મુદ્રણાલય પાસે કાર્યરત હતું.

૧૯૭૦માં શહેરનાં ૧૬થી ૩૦ સૅક્ટર્સમાં સરકારી પ્રાથમિક શાળાની શરૂઆત થઈ, ૧૯૬૮માં અપના બજારની મુખ્ય શાખા સૅક્ટર-૨૮માં કાર્યાન્વિત થઈ, સૅક્ટર-૧૬માં આદર્શ ભોજનાલયની શરૂઆત થઈ, ૧૯૬૯માં સૅક્ટર-૨૯ના બ્લૉકમાં સરકારી દવાખાનું શરૂ કરાયું, ૧૯૭૫માં સૅક્ટર-૨૧માં શાક માર્કેટ ફાળવવામાં આવી અને ૧૯૭૬માં આ શહેરના રેલવે સ્ટેશન પર પ્રથમવાર એક ટ્રેનનું આગમન થયું, એ માલગાડી હતી. એ પછી ૮૦ના દાયકામાં ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીની રચના કરવામાં આવી ને એ પછી દૂધ પાઉચમાં મળતું પણ થયું. આ શહેરની સ્થાપના થઈ ત્યારે મનોરંજન કે ખાણીપીણી માટે કોઈ સગવડ ન હતી. અનેક પરિવારો વીકઍન્ડમાં ફિલ્મ જોવા માટે કે રૅસ્ટોરન્ટનું ખાણું લેવા માટે નિયમિત અમદાવાદની મુલાકાત લેતા હતા. રાત્રે ૧૦ વાગ્યા પછી ચ્હા પણ ન મળે એવી સ્થિતિ તો આ શહેરમાં વર્ષોથી રહી હતી.






knn786@gmail.com

અડધી રાત્રે ચ્હા પીવાનાના શોખીનો અડાલજ કે પછી લાલ દરવાજા પહોંચી જતા એવો ક્રમ તેથી વર્ષો સુધી જળવાયો હતો. જોકે, હવે એવું રહ્યું નથી. હવે તો ચોવીસે કલાક નાસ્તો કે ચ્હા-પાણી જોઈતા હોય તો અહીં મળે છે ને એવી જ રીતે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરની હૉટેલ્સ અને ફરસાણ, મીઠાઈ બનાવતી દુકાનો પણ અહીં ઉપલબ્ધ છે. પીઝા એટલે શું એ આ શહેરના વડીલોનેય સ્થાપના કાળે ખબર ન હતી એ જ શહેરમાં હવે માંડ પગે ચાલતું થયેલું બાળક આંતરરાષ્ટ્રીય સ્તરના પીઝા ખાઈ શકે છે એ આ શહેરનો વિકાસ છે. મનોરંજન માટે ટાઉનહૉલ, આંબેડકર હૉલ, મૅડીકલ કૉલેજ હૉલ અને શહેરમાં ત્રણ તથા શહેરની બહાર ત્રણ મલ્ટીપ્લૅક્સ ઉપલબ્ધ છે. જ્યાં માત્ર સૅક્ટર્સના રંગમંચ પ્રવૃત્તિરત હતા એ શહેરના ટાઉનહૉલમાં હવે વર્ષેદહાડે ૪૦૦થી વધુ કાર્યક્રમો યોજાય છે.

એક સમયે માત્ર સરકારી મકાનો જ ધરાવતા ને પછીથી પાંચ રૂપિયાના ભાવે રહેણાંક માટેની જમીન આપતા આ શહેરમાં હવે ફ્લૅટ પણ પચાસ લાખ રૂપિયામાં મળે છે. વળી, શહેર અમદાવાદ તરફ વિસ્તર્યું છે, વિકસ્યું છે અને આ નવું વિકસેલું ગાંધીનગર હવે ન્યૂ ગાંધીનગર તરીકે ઓળખાય છે, જ્યાં આધુનિક મકાનોની અઢળક સ્કીમ્સ ઉપલબ્ધ છે ને આંતરરાષ્ટ્રીય કક્ષાનું શિક્ષણ આપતી વિવિધ ફૅકલ્ટીની કૉલેજીસ પણ છે. તો ગાંધીનગર શહેરમાં ને આસપાસ ઈન્ટરનેશનલ સ્કૂલ્સ પણ ખરી. ગાંધીનગરની ગણતરી કરવી હોય તો ન્યૂ ગાંધીનગરને પણ ધ્યાને લેવું પડે એટલી નોંધપાત્ર વસતિ આ વિસ્તારમાં આજે વસે છે, જેમાં ગુજરાતી ઉપરાંત દેશનાં અન્ય પ્રાંતોમાંથી આવેલા વિવિધભાષી મિશ્ર લોકો ઉપરાંત વિદેશથી આવેલા નાગરિકો પણ વસે છે. ગિફ્ટ સિટી, ઈન્ફોસિટી ને ટીસીઍસ જેવાં આધુનિક પરિમાણોએ ન માત્ર અહીંની રહેણીકરણી પરંતુ જીવન જોવાનો દૃષ્ટિકોણ પણ બદલી નાંખ્યો હોય એમ લાગે છે. આ વિસ્તારોમાં હવે તો નાઈટલાઈફ પણ વિકસી છે અને પહેલાં ઈન્ફો સિટી ને હવે પ્રમુખ ચાર રસ્તે નાઈટ લાઈફનું મહત્ત્વ યુવાઓમાં વધ્યું છે. આધુનિક રંગે રંગાયેલાં દેશના યુવક-યુવતિઓને જોવા કે એમનું અનુકરણ કરવા માટે ગાંધીનગરનો યુવા વર્ગ સાંજે ને રાત્રે અહીં ભીડ જમાવે છે.



આજના ગાંધીનગરમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ છે, શિક્ષણ છે, રોજગારી છે, મનોરંજન છે, સંપત્તિ છે ને સાહિત્ય પણ છે. માત્ર સરકારી કર્મચારીઓના નગર તરીકે પોતાની છાપ એણે ભૂંસી નાંખી છે અને આધુનિક તથા સક્ષમ શહેરની છાપ ઉપસાવી છે.

છેલ્લાં પાંચ વર્ષમાં ગાંધીનગરમાં ઊડીને આંખે વળગે એવી વાત હોય તો તે એ છે કે રાજ્યભરમાંથી અભ્યાસાર્થે અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ માટે પણ વિદ્યાર્થીઓ, પરીક્ષાર્થીઓ અહીં આવીને વસ્યા છે. સાબરકાંઠા, બનાસકાંઠા, રાજકોટ, અમરેલીના વિદ્યાર્થીઓ કે પરીક્ષાર્થીઓ અહીં સૌથી વધુ પ્રમાણમાં દેખાઈ રહ્યા છે. ઉપરાંત ઈન્ફો સિટી, ગિફ્ટ સિટી, ટીસીઍસ ને આંતરરાષ્ટ્રીય કક્ષાની યુનિવર્સિટી, કૉલેજીસને કારણે અઢળક નવા ચહેરા ગાંધીનગરમાં દેખાઈ રહ્યા છે. આ સૌને રહેવા માટે ગાંધીનગરમાં જગ્યા જોઈએ છે, જેના કારણે ગાંધીનગર શહેરમાં મકાનોનાં ભાડાં ખૂબ વધી ગયાં છે અને નાની-મોટી હૉસ્ટેલ્સની સંખ્યા પણ વધી છે. જે ઝડપે ગાંધીનગરમાં બહારની વસતી દેખાઈ રહી છે એ જોતાં આગામી દિવસોમાં ગાંધીનગર શહેર કે આસપાસના રહેવાસીઓ બીજું કોઈ કામ ન કરે અને માત્ર પોતાના મકાનમાંથી ભાડાની આવક મેળવતાં રહે તોય આરામથી જિંદગી જીવી શકશે એવી શક્યતાઓ નકારી શકાતી નથી. બેંગ્લોરમાં આવી સ્થિતિ જોવા મળી રહી છે ને ગાંધીનગર એ જ દિશામાં આગળ વધી રહ્યું હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

